# ભારત સરકારના કારોબારી, વિધાનગૃહો અને ન્યાયતંત્ર એ ત્રણેય શાખાઓ વચ્ચેના આંતર સબંધો

પ્રા. આર.જે.પટેલ
આસીસ્ટન્ટ પ્રોફેસર જી.ઈ.એસ, વર્ગ-ર
ઈતિહાસ વિભાગ,
એમ.એન.કોલેજ-વિસનગર
જી.મહેસાણા

આધુનિક રાજ્યના કાર્યક્ષેત્રમાં વધારો થયો હોવાથી તેને પહોંચીવળવા માટે તેમજ વહીવટી સરળતા ખાતર રાજ્યની સરકારને ત્રણ શાખાઓમાં વહેંચી નાખવામાં આવે છે અને દરેક શાખાને ચોક્કસ કાર્યો સોંપવામાં આવે છે.

(૧) ધારાસભા

(૨) કારોબારી

(૩) ન્યાય તંત્ર

આ ત્રણેય શાખાઓ એક બીજાથી સ્વતંત્ર હોવી જોઈએ તેમજ પોતાના કાર્ય ક્ષેત્રની મર્યાદામાં રહીને તેમણે પોત-પોતાના કાર્યો કરવા જોઈએ. આ પ્રકારના વિચારને સત્તાવિશ્લેષના સિધ્ધાંત તરીકે ઓળખવામાં આવે છે. પ્રા.ગેટલ આ સિધ્ધાંતની વ્યાખ્યા આપતા લખે છે આ કાર્યો જુદા જુદા વ્યક્તિઓ દ્વારાજ થવા જોઈએ. પરંતુ આપણા દેશમાં સંસદીય સરકાર હોવાથી કોરોબારીનો જન્મ ધારાસભામાંથી થાય છે. પરીણામે કારોબારીએ ધારાસભાનો વિશ્વાસ જાળવી રાખવો પડે છે. અને ન્યાયતંત્ર આ બંન્નેથી સંપુર્ણ સ્વતંત્ર છે. પોતાના દરેક નિર્ણય માટે ન્યાયતંત્રે કોઈના પ્રભાવ હેઠળ આવવું જોઈએ નહી એટલે કે તટસ્થ અને સ્વતંત્ર ન્યાયતંત્ર આપણે ત્યાં વિકસી રહ્યું છે. ભારતમાં રાજકીય પક્ષો વચ્ચેની હુંસાતુંસી અને બહુપક્ષ પ્રથાને કરણે આમ થવામાં અનેક અંતરાયો ઉભા થયા છે. જે મોટા રાજકીય પક્ષોના અભ્યાસ પરથી જાણાવી શકાય છે.

## ● ભારતના મુખ્ય રાજકીય પક્ષો :

પક્ષો વગરની લોકશાહી એક વિચાર તરીકે અને એક આદર્શ તરીકે ગમે તેટલી આદર્શ અને ઉમદા વ્યવસ્થા કેમ ન હોય. વ્યવહારમાં તેને ચરિતાર્થ કરવી અને નિભાવવી લગભગ અશક્ય છે. તમામ આધુનિક લોકશાહીમાં રાજકીય પક્ષો અસ્તિત્ત્વ ધરાવે છે, એટલું જ નહિ કેટલીક મહત્ત્વની સામાજીક, રાજકીય અને સંવહનાત્મક ભૂમિકાઓ ભજવે છે.

આઝાદી પછીના અરસામાં જોઈએ તો ભારતના મુખ્ય રાજકીય પક્ષોમાં બે કોંગ્રેસ પક્ષો, બે સામ્યવાદી પક્ષો એન જનતા પક્ષ જેવા અખિલ ભારતીય પક્ષો તથા અકાલી દળ, ડી.એમ.કે., એ.આઈ.ડી., એમ.કે., નેશનલ કોન્ફરન્સ જેવા પ્રાદેશિક પક્ષો ભારતના રાજકીય આકાશમાં છે. ૧૯૮૦ પછી ભારતના રાજકીય આકાશમાં નજર કરીએ તો રાષ્ટ્રીય સ્તરે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ, ભારતીય જનતા પક્ષ, રાષ્ટ્રીય જનતા દળ, સમાજવાદી પક્ષ, બહુજન સમાજવાદી પક્ષ અને ડાબેરીપક્ષોએ મહત્ત્વની ભૂમિકાઓ અદા કરી છે. અત્રે સમયના અભાવે આ તમામ રાજકીય પક્ષોના પ્રદાનના લેખાં જોખાં લેવાને બદલે રાષ્ટ્રીય સ્તરે મહત્ત્વની ભૂમિકા અદા કરનાર કોંગ્રેસ પક્ષનું વિહગાંવ લોકન કરવાનું શ્રેયસ્કર લાગ્યું છે.

કોંગ્રેસ ભારતમાં રાષ્ટ્રીય મુક્તિ આંદોલનનું સફળતા પૂર્વક સંચાલન કરી લોક જાગૃત્તિ અને લોક સહયોગના પરિણામો વિકસાવનાર એક અજોડ સંસ્થા અને આંદોલન તરીકેનું સ્થાન માત્ર ભારતમાં જ નહિ પણ આફ્રિકા અને એશિયા ખંડના વિકાસશીલ દેશોમાં અત્યંત મહત્ત્વનું છે. રાષ્ટ્ર ઘડતર અને રાષ્ટ્ર નિર્માણ રાજકીય સ્થિરતા અને પરિવર્તન લોકજાગૃત્તિ અને લોક ઉદ્યુક્તિ કોઈપણ દ્રષ્ટિથી જોતાં આઝાદી પહેલાં અને આઝાદી પછીની પ્રથમ પચ્ચીસી દરમિયાન કોંગ્રેસનો ફાળો અત્યંત મૂલ્યવાન છે.

આઝાદી સિધ્ધ થતાં કોંગ્રેસનું યુગ નિર્મિત કાર્ય પુર્ણ થયું છે તેથી એક રાજકીય તંત્ર તરીકે કોંગ્રેસને વિખેરી નાખવી જોઈએ અને સામાજીક સેવાને વરેલા રચનાત્મક કાર્યકરોના બનેલા બિન રાજકીય સંગઠન લોક સેવક સંઘમાં તેનું રૂપાંતર કરવું જોઈએ, એવી ગાંધીજીએ તેમના અવસાન અગાઉ સલાહ આપેલી જો ગાંધીજીની સલાહ સ્વીકારવામાં આવી હોત તો દેશમાં શરૂઆતથી જ અમુક પ્રકારની દ્વિપક્ષ અથવા ત્રિપક્ષ પ્રથાનો વિકાસ થયો હોત એમ કેટલાક રાજકીય વિશ્લેષકો દલીલ પણ કરે છે.

સ્વતંત્રતા બાદ તરત જ ભારતમાં રાજકીય સત્તાના સુત્રો સંભાળ્યા બાદ સંગઠન અને કાર્યશૈલીની દષ્ટિએ કોંગ્રેસે કેવી રીત વર્તવું જોઈએ એ વિષે મહત્ત્વનો વિવાદ ઉભો થયો જેથી કોંગ્રેસમાં

જ સરદાર અને નહેરુની ભિન્ન વિચાર શૈલીવાળી બે ધરી ઉભી થઈ જેની અસરો હજુ સુધી પક્ષમાં ચાલી જ રહી છે. રાજકીય સત્તાના સૂત્રો ધારણ કર્યા બાદ કોંગ્રેસની સંગઠન પાંખ અને સરકાર વચ્ચે એટલે કે કોંગ્રેસ પ્રમુખ અને વડાપ્રધાન વચ્ચે કેવા સંબંધો હોવા જોઈએ એ વિષયે પણ વિવાદ ઉભા થયા અને ચાલુ રહ્યા છે. આ વિવાદોના ઉદાહરણ તરીકે જોઈએ તો કોંગ્રેસ પ્રમુખ આચાર્ય કુપલાણી અને પંડિત નહેરુ વચ્ચેનો વિવાદ અને તેને સમાવવા ૧૯૫૧ થી પંડિત નહેરુ એ કોંગ્રેસ પ્રમુખ પદનો હોદ્દો અને વડાપ્રધાનનો હોદ્દો સ્વીકાર્યો જે ચાર વર્ષ સુધી ચાલ્યો, ત્યારબાદ પણ નહેરુની કોંગ્રેસ જેવી જ છાપવાળી કોંગ્રેસ ચાલી. જે પાછળથી ઈંદિરા કોંગ્રેસ બની, આગળ જતાં રાજીવ કોંગેસ અને હાલ સોનિયા કોંગ્રેસ તરીકે અસ્તિત્ત્વ મા ટે લડી રહી છે.

પ્રથમ પાંચ ચૂંટણીઓમાં બીજી ચૂંટણીઓની સરખામણીમાં ચોથી ચૂંટણી (૧૯૬૭)માં તેનો દેખાવ નબળો રહ્યો છે.

પ્રથમ પાંચ ચૂંટણીઓમાં કોંગ્રેસનો દેખાવ જોઈએ તો નીચેના કોષ્ટકમાં તેની વિગતવાર માહિતી જોવા મળે છે.

## કોંગ્રેસ લોકસભામાં

| ચૂંટણી વર્ષ | લોકસભામાં મેળવેલ મતની ટકાવારી | |
|---|---|---|
| ૧૯૫૨ | ૪૫.૧ | પ્રથમ ચૂંટણીમાં કોંગ્રેસ લગભગ ૪૫.૧ ટકા મત મેળવેલા જે ૧૯૬૭ ની ચોથી ચૂંટણીમાં ઘટીને ૪૦.૯ ટકા થઈ ગયા જે તેનો નબળો દેખાવ જોવા મળે છે. |
| ૧૯૫૭ | ૪૭.૮ | |
| ૧૯૬૨ | ૪૪.૮ | |
| ૧૯૬૭ | ૪૦.૯ | |
| ૧૯૭૧ | ૪૩.૬ | |

- **ભારતમાં થયેલ લોકસભાની ચૂંટણીઓ અને તેમાં કોંગ્રેસનો દેખાવ :**

જ્યારે આપણે એક જ રાજકીય પક્ષ તરીકે કોંગ્રેસનું મૂલ્યાંકન કરીએ છીએ ત્યારે ઈ.સ. ૧૯૫૨માં રચાયેલી પ્રથમ લોકસભાથી શરૂ કરીને ઈ.સ. ૨૦૦૯ માં રચાયેલી પંદરમી લોકસભા સુધીની તેની ભૂમિકાને તપાસવી જોઈએ.

ઉપરોક્ત અભ્યાસને નજીકથી તપાસતાં જોવા મળે છે કે આપણી પ્રથમ સામાન્ય ચૂંટણીઓ ૧૯૫૨ ના એપ્રિલ માસમાં યોજવામાં આવી તે પહેલાનો વહીવટ House of People દ્વારા કરવામાં આવ્યો હતો, ૧૯૫૦ થી લોકગૃહને લોકસભા એવું નામ આપવામાં આવ્યું. પ્રથમ લોકસભામાં કોંગ્રેસે ૪૯૯ બેઠકોમાંથી ૩૬૪ બેઠકો જીતી લઈને શાસક પક્ષ તરીકેનું સ્થાન લઈ લીધું હતું. કોંગ્રેસના દિગ્ગજોમાં તે વખતે પંડિત નહેરુ, પુરુષોત્તમદાસ ટંડન, વી.એન. ગાડગીલ અને આર.વેકંટ રામન હતા. પ્રથમ લોકસભાનો કાર્યકાળ એ આદર્શો અને સિદ્ધાંતોનો કાર્ય કાળ હતો. આથી તો ઈંગ્લેન્ડના ધી ગાર્ડિયને ૫ જુન ૧૯૫૪ ના રોજ લખ્યું હતું કે Mr. Nehru without boasting, May say that Delhi is School of Asia.

બીજી લોકસભામાં પણ કોંગ્રેસ પક્ષ બહુમતીમાં હતો. ૨૦ જૂન ૧૯૬૨ના રોજ પ્રથમ વાર સંસદની બંને ગૃહોની સંયુક્ત બેઠક બોલાવવામાં આવી. જેમાં દહેજ પ્રતિબંધક ધારો પસાર કરવામાં આવ્યો હતો. ત્રીજી લોકસભા જે ૧૯૬૨માં રચાઈ જેમાં આચાર્ય ક્રિપલાની, રામમનોહર લોહિયા, મધુલિમયે અને મીનુમસાણી જેવા ધૂરંધરો વિરોધપક્ષમાં ચૂંટાઈને આવ્યા હતા. કોંગ્રેસે આ ચૂંટણીમાં વિજયની હેટ્રીક મારી હતી, પરંતુ તત્કાલિન ગૃહમંત્રી ગુલઝારીલાલ નંદાને દિલ્લીમાં કાયદો અને વ્યવસ્થાના પ્રશ્ને રાજીનામુ આપવું પડ્યું હતું આ સમયે ૨૭૫ ખરડા અને ૮ બંધારણીય સુધારાઓ પસાર થયા હતા.

ચોથી લોકસભાની ચૂંટણીઓમાંથી ભારતીય રાજકારણની એક વરવી બાજુનો ઉદય થઈ ચૂકયો હતો. કોંગ્રેસે બહુમિતીથી કેન્દ્રમાં સત્તા તો મેળવી પણ હવે કેટલાંક નવા ચહેરાઓ સંસદમાં પોતાનો અવાજ બુલંદ કરતા હતા. તેમાં બાબુ જગજીવનરામ, વાય.બી. ચૌહાણ, મોરારજી દેસાઈ અને એસ.કે. પાટિલ મુખ્ય હતા. આ સમયમાં કોંગ્રેસનું વિભાજન પણ થયું હતું. આ લોકસભા દરમિયાન સભ્યોની સંખ્યા ૪૯૯ માંથી વધારી ૫૨૦ કરવામાં આવી. બેંકોનું રાષ્ટ્રીયકરણ જેવા સમાજવાદી પગલાઓ અને વિભાજનના પ્રચંડ વિરોધને કારણે ૨૭ ડીસેમ્બર - ૧૯૭૦ના રોજ તેના કાર્યકાળ કરતાં લગભગ અઢી વર્ષ પહેલા ચોથી લોકસભાનું વિસર્જન કરવામાં આવ્યું. પોતાની ઉચિત મુદત પૂરી ન કરનાર દેશની આ પ્રથમ લોકસભા હતી.

પાંચમી લોકસભાએ લગભગ ૪૮૨ જેટલા ધારાકીય પગલાં ભર્યા અને ૧૯ જેટલા બંધારણીય સુધારા રજૂ કર્યા. આ લોકસભાએ સિક્કિમનો ભારતના રાજ્ય તરીકે સ્વીકાર કર્યો. જ્યારે મિની કન્સ્ટીટ્યુશન તરીકે ઓળખાતો ૪૨ મો બંધારણીય સુધારો આ લોકસભાએ પસાર કરીને તેનો કાર્યકાળ પાંચમાંથી છ વર્ષ કરી દીધો.

ભારતીય લોકતંત્રના ઈતિહાસમાં કદાચ આ કાર્યકાળ સૌથી વધુ વિવાદાસ્પદ હતો. સૌથી ગરમા ગરમ ચર્ચા MISA ની રહી. કટોકટીના કપરા કાર્યકાળ બાદ ભારતીય લોકતંત્રના ઈતિહાસ સમી આ પાંચમી લોકસભા ૫ વર્ષ દસ મહિના અને છ દિવસે બરખાસ્ત કરવામાં આવી.

આઝાદ ભારત તેના પ્રજાસત્તાક પર્વની રજત જયંતિ ઉજવી ચુક્યુ હતું ત્યારે વિશ્વના મોટાભાગના દેશોની સાથે કદમ મિલાવવાની ભારતની ખેવના હજુ અધુરી હતી. ઈમરજન્સી ભ્રષ્ટાચાર અને પ્રમાણમાં થોડી ઘણી હતાશા વચ્ચે છઠ્ઠી લોકસભા માટેની ચૂંટણીઓ યોજાઈ. જેમાં પ્રથમવાર કેન્દ્રમાં કોંગ્રેસની હાર થઈ અને જનતા પક્ષની સરકારે સત્તા પ્રાપ્ત કરી. જ્યોર્જ ફર્નાન્ડિઝ અને લાલુનો ઉદય થયો. મોરારજી દેસાઈએ પ્રથમવાર વિરોધપક્ષના નેતાને કેબિનેટ કક્ષાનો દરજ્જો આપવાની શરૂઆત કરી, ૪૪મા બંધારણીય સુધારા દ્વારા ૪૩ મા બંધારણીય સુધારાની કેટલાક અરૂચિકર જોગવાઈઓ દુર કરવામાં આવી પરંતુ સિધ્ધાંતો પર રચાયેલો આ મોરચો ત્રણ વર્ષથી અલ્પ સમયમાં તુટી પડ્યો. ત્યાર પછી સત્તામાં આવેલા ચૌધરી ચરણસિંહ પણ લોકસભાનો સામનો કર્યા સિવાય જ સત્તામાંથી દૂર થયા.

ગરીબી હટાવોના નારા સાથે સરકારમાંથી હટી ગયેલા ઈન્દિરા ગાંધીએ ૧૯૮૦માં જંગી બહુમતિથી કોંગ્રેસની સરકાર સ્થાપી. એ.ઓ. હ્યુમની કોંગ્રેસ હવે બદલાઈને I સુધી પહોંચી ગઈ. ઓપેરશન બ્લુસ્ટાર અને પંજાબની આંતરિક પરિસ્થિતિએ ૩૧ ઓક્ટો- ૧૯૮૪ના રોજ ઈન્દિરા ગાંધીનો ભોગ લીધો, તેઓની હત્યા પોતાનાં જ અંગરક્ષકો દ્વારા કરવામાં આવી.

આઠમી લોકસભામાં કોંગ્રેસે વિજયના પોતાના બધા જ રેકોર્ડ તોડી નાખ્યા અને જંગી બહુમતીથી રાજીવના નેતૃત્ત્વ નીચે સરકાર બનાવી. ૨૧ મી સદી કી ઓર અને મેરા ભારત મહાન જેવા સૂત્રો તરફ કોંગ્રેસ આગળ વધતી જ રહી. ૩/૪ બહુમતિથી રચાયેલી સરકાર પોતાના કાર્યકાળ દરમિયાન જ બોફોર્સ તોપના સોદાના પ્રશ્ને વિવાદાસ્પદ બની રહી. આઠમી લોકસભામાં કોંગ્રેસે પ્રશંસનીય અને વિવાદાસ્પદ બંધારણીય સુધારાઓ કર્યા. તેનો સૌથી વધુ આવકારદાયક સુધારો હતો મતદારોની વય ૨૧ થી ઘટાડીને ૧૮ વર્ષ કરી. આ ઉપરાંત પોસ્ટ ઓફિસ એમેન્ડમેન્ટબિલ - ૧૯૮૬ રજુ થતાં જ તેનો વિરોધ થયો અને રાષ્ટ્રપતિએ આ બિલ પર સંમતિ ન દર્શાવી. આ લોકસભાનું સૌથી વધુ વિવાદાસ્પદ બીલ હતુ મુસ્લિમ મહિલા (લગ્ન વિચ્છેદતા) અધિકાર રક્ષતો ખરડો ૬ મે ૧૯૮૬ના રોજ લાંબી ચર્ચાબાદ રાત્રે ૨.૪૫ વાગે તે ખરડો સંસદે પસાર કર્યો. તેનાથી કોંગ્રેસની છાપ મુસ્લિમોના તૃષ્ટિકરણ કરતી વધુને વધુ મુસ્લિમ હિતોની રખેવાળ કરતી સરકાર તરીકેની દંઢ બની. આ લોકસભામાં એક જ દિવસમાં ૨૦ જુલાઈ ૧૯૮૯ના રોજ વિરોધપક્ષના ૬૩ થી વધુ સભ્યોને

સસપેન્ડ કરાયા હતા. ૧૫૫ એમ.એમ.ની બોફોર્સ તોપ ખરીદતાં કટકી કરાયાના કેગના અહેવાલમાં સરકારના કાળા કૃત્યો બહાર આવ્યા જેમાં ખુદ વડાપ્રધાનના પરિવારની સામેલગીરીની વાત બહાર આવતાં ૧૯૮૯માં આ લોકસભાને બરખાસ્ત કરવામાં આવી.

મેન, મસલ અને મીડીયા પાવર (ત્રણ એમ) સાથે નવમી લોકસભાની સામાન્ય ચૂંટણીઓ યોજાઈ. દેશમાં ભ્રષ્ટાચારના પ્રશ્ને વગોવાયેલી રાજીવ ગાંધીની સરકાર ફરીથી સત્તા પ્રાપ્ત ન કરી શકી અને લોકસભામાં માત્ર ૧૯૭ બેઠકો સાથે વિરોધ પક્ષમાં બેસવું પડ્યું. સાથો સાથ ત્રિ-શંકુ સંસદ રચાતાં ૨૪ પક્ષોના શંભુમેળા જેવી રાષ્ટ્રીય મોરચા (એન.એફ)ની સરકાર વી.પી. સિંઘના નેતૃત્ત્વમાં રચાઈ જેને ભાજપ અને ડાબેરીઓએ બહારથી ટેકો આપ્યો. વિરોધ પક્ષના નેતા તરીકે ગૃહમાં સ્થાન લેનાર રાજીવ ગાંધી કોંગ્રેસના ઈતિહાસના પ્રથમ વડાપ્રધાન હતા. ભાજપે સમર્થન પાછુ લેતાં આ સરકાર પણ ૭ નવેમ્બર ૧૯૯૦ના રોજ ૧૫૧ વિરુધ્ધ ૩૫૬ મતે વિશ્વાસ મત હારી ગઈ, ત્યારબાદ સત્તામાં આવેલી ચંદ્રશેખર સરકારે પણ કોંગ્રેસ સાથે મતભેદ થતાં ૧૩ માર્ચ ૧૯૯૧ના રોજ લોકસભાનું વિસર્જન કર્યું. માત્ર બે જ વર્ષમાં ચૂંટણીઓ પાછી આવી. ૨૧ મે ૧૯૯૧ના રોજ રાજીવ ગાંધીની હત્યા થતાં સહાનૂભૂતિના મોજાએ કોંગ્રેસને ફરીથી સત્તાના સૂત્રો સુપરત કર્યા. દસમી લોકસભાની ચૂંટણીમાં સૌથી વધારે હિંસા થઈ અને દેશને ચૂંટણી હિંસાનું વરવું સ્વરૂપ જોવા મળ્યું. કોંગ્રેસે પણ સૌથી વધુ સીટો સાથે પ્રથમ ક્રમે સંસદમાં રહ્યો પણ તે સ્થિર સરકાર રચવા માટે પુરતી બહુમતિ ધરાવતો ન હતો, હવે કોંગ્રેસની ધૂરા ગાંધી - નહેરુ કુટુંબ પાસેથી પી.વી. નરસિંહ રાવ પાસે આવી. પ્રથમ દક્ષિણ ભારતીય વડાપ્રધાન તરીકે પી.વી. નરસિંહરાવે શપથ લીધા. દેશને આર્થિક ઉદારીકરણને માર્ગે લઈ જવાનો ફાળો આ સરકારે આપ્યો. આર્થિક ઉદારીકરણના માહોલ વચ્ચે અગિયારમી લોકસભાની ચુંટણીઓ થઈ. પણ પ્રજાએ કોઈને બહુમતિ ન આપી. ભાજપ સૌથી મોટા પક્ષ તરીકે બહાર તો આવ્યો પણ સરકાર બન્યા બાદ માત્ર તેર જ દિવસમાં વાજપેઈ સરકારે વિશ્વાસ મત ન મેળવી શકતા સત્તાથી દુર થઈ ગઈ. સૌથી ટુંકાગાળાની આ કેન્દ્ર સરકાર હતી. ત્યારબાદ ગઠિત થયેલી એચ.ડી. દેવગૌડાની સંયુક્ત મોરચા સરકાર કોંગ્રેસના સમર્થનથી રચાઈ તો ખરી પણ તેનો કાર્યકાળ પૂરો ન કરી શકી અને ઈન્દ્રકુમાર ગુજરાલની સરકાર રચાઈ તે પણ લાંબી ન ચાલી. આ અરસામાં ત્રણ વર્ષમાં ચાર સરકારો બદલાઈ તે લોકશાહીની કરુણતા નહિ તો બીજું શું કહી શકાય. ફેબ્રુઆરી - ૧૯૯૮માં યોજાયેલી ચુંટણીઓમાં બારમી લોકસભામાં પણ ભાજપે સૌથી મોટા પક્ષ તરીકે ફરીથી ગઠબંધન સરકાર બનાવી. જેણે અટલ બિહારી વાજપેઈના નેતૃત્ત્વ હેઠળ કામ કરવાનું શરૂ કર્યું પરંતુ ૧૭ એપ્રિલ - ૧૯૯૯ના રોજ

એક મતથી અવિશ્વાસની દરખાસ્ત સામે પરાજીત થતાં તેનું પતન થયું. તેરમી લોકસભા જે ઓક્ટોબર ૧૯૯૯માં રચાઈ તેમાં ત્રીજીવાર વાજપેઈના નેતૃત્વ હેઠળ એન.ડી.એ. સરકાર બની. જેણે પોખરણ - ૨ કરી ભારતની વિદેશનીતિને નવો વળાંક આપ્યો. લોકપ્રિયતાનો લાભ લેવા એન.ડી.એ. વહેલી ચૂંટણીઓ જાહેર કરી પણ જૂન ૨૦૦૪માં ફીલગુડ ફેક્ટર ન ચાલતા યુપીએ-૧ની ડૉ. મનમોહન સિંઘની સરકાર રચાઈ જેનું પંદરમી લોકસભામાં ૨૦૦૯ યુપીએ-૨ તરીકે પુનરાવર્તન થ યું છે. યુપીએ-૧થી ડ ાબેરીઓના સરકારથી ચાલતી કોંગ્રેસ સરકારને અમેરિકા સાથે ન્યુક્લીયર ડિલના કારણે ડાબેરીઓનું સમર્થન ગુમાવવું પડ્યું છે. યુપીએ-૨ એ કાર્યકાળ પુરો કરી દીધો છે પરંતુ ૧૬ મી લોકસભામાં તેનો પુનરાવર્તન સામે પ્રશ્નાર્થ છે. આમ ૧૯૫૨ થી ૨૦૧૪ એકસઠ વર્ષના આ કાર્યકાળને બંધારણીય દ્રષ્ટિએ વહેંચવા જઈએ તો આપણને બાર લોકસભાઓ મળવી જોઈએ જે મળી છે પંદર આપણે ત્રણ ક્રમ આગળ વધી ગયા છીએ જેમાં હવે કાર્યકાળ અને કાર્યક્ષમતાને લઈને અનેક પ્રશ્નો ઉભા થયા છે.

ઉપરોક્ત સમગ્ર અભ્યાસનું અવલોકન કરતાં માલુમ પડે છે કે એક સમયે એક પક્ષ પ્રભાવ પ્રથા ઉભી કરનાર કોંગ્રેસ પક્ષને આજે સત્તામાં ટકી રહેવા અનેક બાંધછોડ કરવી પડે છે. ન ગમતાઓને સાથે રાખવા પડે છે. જમણેરી કોંગ્રેસને ડાબેરીઓની ગરજ રાખવી પડે છે. પૂર્ણપણે ઉદારીકરણ અપનાવી શકાતું નથી, ખાનગીકરણને ઈષ્ટતમ સ્તરે લઈ જઈ શકાતું નથી.

જ્યારે જ્યારે કોંગ્રેસે સત્તા ગુમાવી છે ત્યારે ત્યારે તેણે પોતાના લોકશાહી સિદ્ધાંતો સાથે સમાધાન કરવુ પડ્યું છે. શરૂઆતમાં સમાજવાદી ચહેરો બનાવી રશિયાની કૃપા અને હવે મૂડીવાદી મુખડા સાથે અમેરિકાની મહેરબાની પર ચુંટણી જીતતી કોંગ્રેસને હવે એકલે હાથે સત્તા પ્રાપ્ત કરવી દીવા સ્વપ્ન બની ગઈ છે. એક સમયે ૩/૪ બહુમતી પ્રાપ્ત કરનાર કોંગ્રેસને આજે સાદી બહુમતિના પણ ફાંફા છે. આના કારણોમાં જઈએ તો મારા મતે કોંગ્રેસ પર લાગેલી પરિવારવાદની અસર અણઘડ આર્થિક નિતિઓ અને તેમાંથી પાછી પાની ઘડીકમાં, ઈવેન્સ૭મેન્ટ અને પાછુ ડીસ ઈન્વેસ્ટમેન્ટ ક્યારેક બંને ઉપર બ્રેક, આ બધી બાબતોના લીધે દેશને રાજકીય સ્વતંત્રતા અપાવનાર કોંગ્રેસે આઝાદીના ૬૭ વર્ષ બાદ પણ હજુ દેશને આર્થિક સ્વતંત્રતા અપાવી શકી નથી જેનું મનોમંથન કરવું જ રહ્યું.

સમવાય તંત્રની રચના ને કારણે પણ આ પ્રકારની સ્થિતી ઉભી થાય છે. આમ જોઈએ તો સમવાયતંત્રની રચના ઘણા રાજ્યો ભેગા મળીને કરે છે. અને તેમ કરતા તેઓ પોતાનીજ સાર્વભૌમ સત્તાનો ત્યાગ કરે છે. અને સમવાય સરકાર અને એકમ સરકારો અસ્તિત્વમાં આવે છે. આ રચનામાં બંધારણ સર્વોપરી હોય છે. તેમ છતાં બંન્ને સરકારો વચ્ચે કાર્યો તથા સત્તાઓનુ વિભાજન કરીને તેમની વચ્ચેના સંબંધો પણ સ્પષ્ટ કરે છે. સમવાયતંત્રની રચના રાજ્યો વચ્ચેના કરાર તરીકે થયેલ હોવાથી તે કરારને દસ્તાવેજી બંધારણનું સ્વરૂપ આપવામાં આવે છે. ન્યાયતંત્ર તટસ્થ અને સર્વોચ્ચ સ્થાન ધરાવે છે. અને બંધારણનુ અર્થઘટન કરી મત ભેદોનો ઉકેલ લાવે છે. તેનો નિર્ણય છેવટનો ગણાય છે. સમવાયતંત્રી રાજ્ય નીચે મુજબના લક્ષણો ધરાવે છે.

* સર્વોપરી લિખિત બંધારણ
* અદાલતી સમીક્ષા
* સત્તાનુ સ્પષ્ટ વિભાજન
* તટસ્થ અને સર્વોપરી ન્યાય તંત્ર

સમાપનઃ- આમ ભારતીય લોકતંત્ર તેના પર સૌથી વધુ સાસન કરનાર કોંગ્રેસ પક્ષના કારણે રાજ્ય વિધાન સભાઓ અને કેન્દ્રીય કારોબારી બચ્ચેના સબંધોમાં એક નવી ભાત પાડી છે. તે મારા આ અભ્યાસ પરથી જોઈ શકાય છે.

અસ્તુ

સંદર્ભઃ (૧) ગેટલ આર.જી.: પોલીટીકલ સાયન્સ ૧૯૫૧ પેજ નં.૨૧૪

(૨) મિલ જ્હોન સ્ટુઅર્ટ : કન્સીડરેશન ઓન રીપ્રેઝન્ટેટીવ ગવર્નમેન્ટ પેજ.નં.૧૦૩

(૩) પંડ્યા હસમુખ : રાજ્યશાસ્ત્ર પરીચય ભાગઃ ૨

(૪) ગાર્નર જે.ડબલ્યુ.: પોલીટીકલ સાયન્સ એન્ડ ગવર્નમેન્ટ(૧૯૫૨) પૃ-૩૪૮

(૫) લિકોક સ્ટીફનઃ એલિમેન્ટ્સ ઓફ પોલીટીકલ સાયન્સ(૧૯૩૬) પૃ-૨૩૧-૩

(૬) વ્હિયર કે.સી.:ફેડરલ ગવર્નમેન્ટ(૧૯૫૬) પૃ-૧૨-૩

(૭) શાહ હેમંતકુમારઃ ''રાજ્યશાસ્ત્ર'' પેજ નં.૧૫